જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૨/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૮	૧	૧૨૯	૩૯૯	૪	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૧૬૪૯	૧૬૨	૮૧૮૧૧	૮૨૬૭૭	૧૬૧	૮૨૮૩૮
કુલ		૯૮૨૪૮	૧૬૩	૯૮૪૧૧	૧૦૭૨૦૬	૧૬૫	૧૦૭૩૭૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૯	૫,૧૩,૦૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૨૯	૯,૨૯,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૫૬ લીટર દેશી દારૂ, ૫૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪૯ બિયર ટીન, ૧ રિક્ષા, ૨ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૧૮/૨૦૨૨**

સાયબર ક્રાઈમઃ રવિભાઈ રતનભાઈ પટેલ (ઉ.વ.૫૦) (રહે. સિલ્વર ફ્લેટ હરિદાસ પાર્ક સેટેલાઈટ રોડ) એ તા.૦૧/૦૨/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓક્ટોબર/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૯૦૨૧૩૪૪૬૩ અને ૯૦૦૨૨૮૮૩૧૨ ના ધારકો એ રવિભાઈ પટેલને ફોન કરી બંધન ટ્રેડીંગ કંપનીમાંથી ઇશાન પાંડે અને મુક્કમલ હુસેન વાત કરતા હોવાની ઓળખ આપી તેમની કંપનીમાં પૈસા ઇન્વેસ્ટમેન્ટ કરવાથી રોજનું ૧ થી ૨ ટકા જેટલુ ઉચ્ચ વળતર ૨૦૦ દિવસ સુધી મળવાની વાત કરી રવિભાઈ પટેલને કંપનીમાં ઇન્વેસ્ટમેન્ટ કરવાથી સારો લાભ થશે તેવો વિશ્વાસ આપી બંધન ટ્રેડીંગ કંપનીના બેંકના ખાતામાં ઓનલાઈન રૂપિયા ૨૪,૯૯૯/- ઇન્વેસ્ટમેન્ટ માટે ટ્રાન્સફર કરાવડાવી બંધન ટ્રેડીંગ કંપની દ્વારા રવિભાઈ પટેલના ખાતામાં ૧ થી ૨ % લેખે રોજના રૂપિયા ૪૫૦/- જમા કરવાનું ચાલુ કરી કંપની સારી હોવાનો વિશ્વાસ કેળવી રવિભાઈ પટેલને બીજા વ્યક્તિઓને કંપનીમાં જોડવા જણાવતા રવિભાઈ પટેલે તેમના ઓળખીતા મીત્રોને ઇન્વેસ્ટ માટે વાત કરતા તેઓ પાસેથી બંધન ટ્રેડીંગ કંપનીમાં ઇન્વેસ્ટ માટે કુલ રૂપિયા ૮,૦૦,૦૦૦/- ઇન્વેસ્ટ કરાવી વળતર કે ઇન્વેસ્ટ કરેલ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૧૯/૨૦૨૨**

બાપુનગરઃ સંજયભાઇ ભુરાભાઇ રામોલીયા (ઉ.વ.૪૦) (રહે. હરભોળા પાર્ક સોસાયટી રામરાજ્ય ચાર રસ્તા પાસે ને.હા.નં-૮ ઓઢવ) એ તા.૩૧/૦૧/૨૦૨૨ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર લા.બા.શાસ્ત્રી સ્ટેડીયમ મોબાઇલના ટાવર નજીક પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- એક સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ચોરી કરી લઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ સંજયભાઈ રામોલીયાએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

રામોલઃ કલ્પેશકુમાર પરષોત્તમભાઇ માલવીયા (ઉ.વ.૩૫) (રહે. આંગણ હોમ્સ વાઇટ હાઉસ સામે ભક્તિ સર્કલ નિકોલ) તા.૨૮/૦૧/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ માધવની પોળ નજીકથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો કાર નજીક આવી કલ્પેશકુમાર માલવીયાને કહેલ કે તમારી ગાડીમાંથી ઓઈલ લીકેજ થાય છે તેમ કહેતા ઓઈલ લીકેજ જોવા કલ્પેશકુમારે ગાડી ઉભી રાખી જોતા હતા ત્યારે કલ્પેશકુમાર માલવીયાની નજર ચુકવી બે પુરૂષ ગાડીમાંથી બેગ ચોરી કરી લઈ ગયા હતા. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- તથા જરૂરી કાગળો હતા. આ અંગેની ફરીયાદ કલ્પેશકુમાર માલવીયાએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૨૦/૨૦૨૨**

એલીસબ્રીજઃ રશ્મિકાબહેન ઉમેશભાઇ શાહ (ઉ.વ.૫૪) (રહે. ગંગેશ્વર સોસાયટી મણીનગર) તા.૨૬/૦૧/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે એલીસબ્રીજ ફોર પોઇન્ટ બાઇ સેરેસ્ટોન હોટલ ખાતે જમતા હતા ત્યારે કાઉન્ટર ઉપર મુકેલ બાઉલ પડી જતા બાઉલ નીચેનું ગરમ ફ્યુલ રશ્મિકાબહેન શાહ ઉપર પડતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૦૧/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.વી.ઘેલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૧/૨૦૨૨**

અમરાઇવાડીઃ રાજેન્દ્રભાઇ માવજીભાઇ સોલંકી (ઉ.વ.૫૧) (રહે. ઇસ્માઇલની ચાલી દ્વારકાધીશનગર વિભાગ-૨ સત્તાધાર રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

ઇસનપુરઃ સમીર રફીકભાઇ સૈયદ (ઉ.વ.૨૩) (રહે. ચંડોળાનાં છાપરાં ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

નારોલઃ દિલીપભાઇ બાબુભાઇ સગર (ઉ.વ.૪૫) (રહે. અમિકુંજ સોસાયટી જયેશ હાઇસ્કૂલ સામે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૨ રાતના ૯/૧૦ વાગ્યાના સુમારે નારોલ શાહવાડી ભાડાના મકાન ખાતે છતમા કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.